RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૬૮ તા.૧૪–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અરૂણ એસ.પાઠક
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયત ઝોનલ ઓફિસરશ્રીને સંબોધીને આઈશ્રી ખોડિયારનગર ગૃપ હા.સ્કીમના લેટર ઉપર શ્રીમતિ સુલોચનાબેન હીરાલાલ સાળી ધ્વારા આપ સાહેબશ્રીના કચેરીએ તા.૨૨–૭–૧૧ના રોજ અરજી કરેલ છે જેના અનુસંધાને જે કંઈપણ તપાસ કે કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવી હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતીની સહી સિકકાવાળી નકલો આપશો. તેવી આપ સાહેબશ્રીને નમ્ર અરજ છે વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૬૮/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ.પાઠકની તા. ૩૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) લીંબાયત ઝોનલ ઓફિસરશ્રી ને સંબોધીને આઈશ્રી ખોડિયારનગર ગૃપ હા.સ્કીમના લેટર ઉપર શ્રીમતિ સુલોચનાબેન હીરાલાલ સાળી ધ્વારા આપ સાહેબશ્રીના કચેરીએ તા. ૨૨–૭–૧૧ના રોજ અરજી કરેલ છે જેના અનુસંધાને જે કંઈપણ તપાસ કે કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવી હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતીની સહી સિકકાવાળી નકલો આપશો. તેવી આપ સાહેબશ્રીને નમ્ર અરજ છે વિ. મુદ્દા નં.(૧) થી (૩) ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ના પત્ર નં. સા.ઈ.ઝોન / મહેકમ / ૨૪૮૦ તા. ૩૦–૧૧–૧૧ થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તા. ૩–૧૧–૧૧ના રોજ સ્વીકારેલ મુળ અપીલ તબદીલ કર્યાના આધાર સહ વિગતો–ન કરેલ હોય તો તેની સ્પષ્ટતા સહ મુળ અપીલની નકલ અત્રે મોકલવા તથા જાહેર માહિતી અધિકારીને પણ તા. ૨૨–૭–૧૧ની અરજી મળેલ હોય તો તેની નકલ કાર્યવાહીની વિગતો સહ તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૨૯૫ તા.૨૧–૧૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) તથા અરજદારને તા. ૩૦–૯–૧૧ની અરજીમાં નિર્દિષ્ટ તા. ૨૨–૭–૧૧ની અરજીની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/૨૪૮૦ તા.૩૦–૧૧–૧૧થી મુદ્દા નં.૨ ની માહિતી આપેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૨૯–૧૨–૧૧ પત્ર થી મુળ અરજીની નકલ, તા.૨૨–૭–૧૧ થી જાહેર માહિતી અધિકારીને પાઠવેલ અરજીની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી લીંબાયત ઝોનમાં કરવામાં આવેલ. જે અંગે અરજદારે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ના પત્ર નં. સા.ઈ.ઝોન / મહેકમ / ૨૪૮૦ તા. ૩૦–૧૧–૧૧ થી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૪–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં. (૧) લીંબાયત ઝોનલ ઓફિસરશ્રીને સંબોધીને આઈશ્રી ખોડિયારનગર ગૃપ હા.સ્કીમના લેટર ઉપર શ્રીમતિ સુલોચનાબેન હીરાલાલ સાળી ધ્વારા આપ સાહેબશ્રીના કચેરીએ તા. ૨૨–૭–૧૧ના રોજ અરજી કરેલ છે જેના અનુસંધાને જે કંઈપણ તપાસ કે કાર્યવાહી સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવી હોય તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતીની સહી સિકકાવાળી નકલો આપશો. મુદ્દા નં. (૨) ભાઠેના રોડ ખાતે આવેલ આઈશ્રી ખોડીયાર નગર ગૃપ હાઉસીંગ સ્કીમ આંજણાના સર્વે નં.૨૨/૧૧ પૈકી ટી.પી. સ્કીમ નં.૭, ફાયનલ પ્લોટ નં.૧૪૯ જે સોસાયટીની સી.ઓ.પી. (કોમન ઓપન પ્લોટ) ની જમીન છે. તેના ઉપર બાંધકામ થયેલ છે. અને તેમાં અજય ટ્રેડર્સનો કબજો છે. આ બાંધકામની પરવાનગી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ હોય તો તેની રજાચિઠ્ઠીની નકલ આપશો. ઉપરોકત બાંધકામ સોસાયટીના કોમન પ્લોટમાં હોય તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની સંપુર્ણ તથા વિગતવાર માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૮૦ તા.૩૦–૧૧–૧૧ થી પ્રશ્નવાળી જગ્યાનાં બાંધકામની લીંબાયત ઝોન ખાતેથી કોઈ રજાચીઠ્ઠી કે પરવાનગી આપવામાં આવી નથી. તેવું સમય અવધિબાદ જણાવેલ. મુદ્દા નં. (૩) લીંબાયત ઝોનમાં આવેલ મહાપ્રભુ નગર સર્વે નં.૭, પ્લોટ નં.૩૬ મેઈન રોડ ઉપર હાલ બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. જેને આપના ઝોન તરફથી બાંધકામની પરવાનગી આપવામાં આવી હોય તો તેની પરવાનગીની નકલ આપશો તથા ઉપરોકત બાંધકામ હાલ કેટલા ક્ષેત્રફળમાં કરવામાં આવેલ છે તેની વિગતવાર માહિતી

આપશો. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ તથા ૩ અંગે કોઈ માહિતી આપેલ નથી તથા તે અંગે કોઈ તબદીલી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જયારે અરજદારે તા.૩–૧૧–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારીને પુનઃ પત્ર પાઠવી તા.૩૦–૯–૧૧ ની અરજી ના અનુસંધાને માહિતી નિયત સમયગાળામાં ન મળવાથી અપીલ કરીએ છીએ. તથા તા.૧૪–૧૨–૧૧થી અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી અધુરી તથા ખોટી માહિતી આપેલ હોવાનુ જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની તા.૩૦–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૩ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રે ની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.''

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન).....જાણ તથા અમલ માટે

(૨) શ્રી અરૂણ એસ.પાઠક,